૨૦૦૪

શ્રી પંચકલ્યાણકની પુજા.

—o—

પંડિત વીરવીજેની બનાવેલી

છપાવી પ્રસિદ્ધ કરનાર

મગનલાલ દેવચંદ.

અમદાવાદમાં

ણુ દરવાજા નજીક સરૈયા સાંકળચંદ હરી૦

ભાઈના મકાનમાં અમદાવાદ સત્યોદય પ્રેસમાં

મગનલાલ મનસુખરામે છાપી.

સંવત ૧૯૪૦ સન ૧૮૮૪

કિંમત ૧॥ આનો

૨૦૦૪

શ્રી

પંચકલ્યાણકની પુજા.

પુજા ૧ લી

॥ દુહા ॥ શ્રી શંખેશ્વર સાહીબો ॥ સુરતરૂ સમ અવદાત ॥ પુરષાદાણી પાસજી ॥ ખટ દર્શન વિખ્યાત ॥ ૧ ॥ પંચમે આરે પ્રાણીયા ॥ સમરે ઉઠી સવાર ॥ વંછીત પુરે દુખ હરે ॥ વંદુવાર હજાર ॥ ૨ ॥ અવસરપિણી તેવીસમા ॥ નમિનાથ જિન હુંત ॥ તસ ગણધર પદ પામીને ॥ શાશો શીવ વધુ કંત ॥ ૩ ॥ દામોદર જિન મુખ સુણી ॥ નિજ આતમ ઉદ્ધાર ॥ તદા અષાડી શ્રાવકે ॥ મુર્તી ભરાવી સાર ॥ ૪ ॥ સુવિહિત આચારજ કને ॥ અંજનશલાકા કીધ ॥ પંચકલ્યાણક ઓછવે ॥ માનું વચનજ લીધ ॥ ૫ ॥ સિદ્ધ સ્વરૂપ રમણ ભણી ॥ નોતન પડિમા જેહ ॥ થાપી પંચ કલ્યાણકે ॥ પુજે ધન નર તેહ ॥ ૬ ॥ કલ્યાણક ઓછવ કરી ॥ પુરણ હર્ષ નિનિમિત ॥ નંદીસરે જઇ દેવતા ॥ પુજે સાસ્વતા ચૈત્ય ॥ ૭ ॥ કલ્યાણક પુજન સહિત ॥ રચના રચશું તેમ ॥ દુર્જન વિખધર ડોલશે ॥ સજ્જન માસ્યું પ્રેમ ॥ ૮ ॥ [illegible]

૧ ફુલ ૨ અક્ષત તણી ૩ ॥ જળ ૪ ચંદન ૫ મનોહાર
ધુપ ૬ દીપ ૭ નૈવેદ્યશું ૮ પુજા અષ્ટ પ્રકાર ॥ ૮ ॥

ઢાળ.

પ્રથમ પુરવ દિશે ॥ એ દેશી ॥ પ્રગમ એક પીઠીકા ॥ ઝગમગ દીપીકા ॥ થાપી પ્રભુ પાસ તે ઉપરેએ ॥ રજત રેકેબીયો ॥ વિવિધ કુસુમે ભરી ॥ હાથ નર નારી ધરી ઉચરેએ ॥ ૧ ॥ કનક બાહુ ભવે ॥ બંધ જિન નામનો ॥ કરિય દસમે દેવલોક વાશી ॥ સકસુરથી ઘણી ॥ તેજ કાંતિ ભણી ॥ વીસ સાગર સુખ તે વીલાશી ॥ ૨ ॥ ખેત્ર દસ જિનવરા ॥ કલ્યાણક પાંચસે ॥ ઓછવ કરત સુર સાથશુંએ ॥ થઇય અગ્રેશરી ॥ સાસય જિન તણી ॥ રચત પુજા નિજ હાથશુંએ ॥ ૩ ॥ યોગ્ય શાસ્ત્ર મતા ॥ માસ ખટ થાકતા ॥ દેવને દુખ બહુ જાતીનુંએ ॥ તે નવી નિપજે ॥ દેવ જિન જીવને ॥ જોવતાં હાણુ ઉપપાતનુંએ ॥ ૪ ॥ મુગતીપુર મારગે ॥ શીતળ છાંહડી ॥ તીરથની ભૂમી ગંગાજળેઓ ॥ ચૈત્ય અભિશીકતા ॥ સુકૃત તરૂ સિંચતા ॥ ભક્તિ બહુલા ભવિ ભૈત્ર તારેએ ॥ ૫ ॥ વારણુને અસી ॥ દોય વચમાં વસી ॥ કાશી વણારશી નયરીયેએ ॥ અસ્વસેન ભુપતી ॥ વામા રાણી સતી ॥ જૈનમતી રતિ અનુસારીયેએ ॥ ૬ ॥ ચ્યાર ગતિ ચોપડા ॥ ચવનના ચુકવી ॥ શિવ ગયા તસ ઘર નગન જાવે ॥ બાળ રૂપે સુર તિહાં ॥ જનની મુખ જોવતા ॥ શ્રી સુભવીર આણંદ પાવે ॥ ૭ ॥ અથ

દુઃખ ॥ ભોગીયદા લોક નતો વિયોગી ॥ બહુવ પાતાલ
પદે નિયોગી ॥ કલ્યાણ કારી દુરીતાપ હારી ॥ દુશાવતા
રી વરદસ પાર્શ્વ ॥ ૧ ॥ ઓ૦ હ્રીં ॥ શ્રી પરમપુ-
રુષાય પરમેશ્વરાય જન્મજરા મૃત્યુ નિવારણાય શ્રીમતે
જિનેંદ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા ॥ ઇતિ સ્નત્ર કલ્યાં
ણકે પ્રથમ પુજા ॥૧॥

॥ દુહા ॥ કૃષ્ણ ચતુર્થિ ચૈત્રની ॥ પુરણાયુ સુર
તેહ ॥ વામા માત ઉદર નિશે ॥ અવતરીયા ગુણ ગેહ
॥ ૧ ॥ સુપન ચતુર્દશ મોટકાં ॥ દેખે માતા તામ ॥ ર
યણી સમે નિજ મંદિરે ॥ સુખ સજ્યા વિસરામ ॥ ૨ ॥

ઢાળ.

મિથાત વાનિને હોસ્યા સમકીત પામીરે ॥
એ દેશી ॥ રૂડો માસ વસંત ફળી વન રાજીરે ॥
રાયણને સહકાર વાલ્હા ॥ કેતકી જાય ને માલતીરે ॥ ભ
મર કરે ઝંકાર વાલ્હા ॥ કોયલ મદ ભર ટહુકતીરે ॥ બે
ઠી આંબા ડાળ વાલ્હા ॥ હંસ જુગલ જળ ઝીલતાંરે ॥
વિમળ સરોવર પાર વાલ્હા ॥ મંદ પવનની લેહેરમાંરે ॥
માતા સુપન નિહાળ વાલ્હા ॥આંકણી ॥ દીઠો પ્રથમ ગ
જ ઉજળોરે ॥ બીજે રીષભ ગુણવંત વા॥ તીજે સીંહજ
કેસરીરે ॥ ચોથે શ્રીદેવી મંહત વાલ્હા ॥ માળ જુગલ ફુ
લ પાંચમેરે ॥ છઠ્ઠે રોહિણી કંત વાલ્હા ॥ ઉગતો સુરજ
સાતમેરે ॥ આઠમે ધજ લેહકંત વાલ્હા ॥ રૂડોમા૦ ॥
નવમે કળશ રૂપા તણોરે ॥ દસમે પદમ સર જાણ વા

ઉંક્ષા ॥ અગીઆરમે રતનાગરૂરે ॥ બારમે દેવ વિમાન વા
હલા ॥ ગંજ રતનનો તેરમોરે ॥ ચઉદમે વગની વખાણ
વાહલા ॥ ઉરતા આકાશથીરે ॥ પેસતા વદન પ્રમાણ વા
હલા ॥ ૩૦ ॥ ૨ ॥ માતા સુપન લઇ જાગીયારે ॥ અ
વધી જુએ સુરરાજ વાહલા ॥ શક્ર સ્તવન કરી વંદીયારે
॥ જેનનિ ઉદર જીનરાજ વાહલા ॥ એણે સમે ઇંદ્ર આ
વીયારે ॥ માતા આગળ ધરી લાજ વાહલા ॥ પુન્ય વતિ
તુમે પામીયુંરે ॥ ત્રણ ભુવનનું રાજ વાહલા ॥ ૩ ૩૦
ચઉદ સુપનનો અરથ કહીરે ॥ ઇંદ્ર ગયા નિજ ઠામ વા
હલા ॥ ચોસઠ ઇંદ્ર મળી ગયારે ॥ નંદીસર જિન ધામ
વાહલા ॥ ચ્યવન કલ્યાણક ઓછવરે ॥ શ્રીશુભ પુન્ય કામ
વાહલા ॥ શ્રી શુભવીર તેણે સમેરે ॥ જગત જીવ વિસરા
મ વાહલા ॥ ૪ ॥ ॥ બોગી૦ ॥ ઓ૦ શ્રીકુલ પુગનય
ંતમે સ્વાહાઃ ॥ ઇતિ દ્વિતીય પુજા ॥

પુજા ૩ જી.

॥ દુહો ॥ શ્રી ઉદર નૃપ તણીયે ॥ સુપન પાઠ
ક તેડાય ગેહ ॥ ચઉદ સુપન ફળ સાંભળી ॥ તૃતીય વી
સર્જ્યા તેહ ॥ ૧ ॥ ત્રીશલા રાણીસ્યું ઉપન્યા ॥ તેહિ શમા
અરિહંત ॥ વાધે ઉરસલ હંસલે ॥ દીન દીન વૃદ્ધિ લ
હંત ॥ ડોહલા પુરે ભુપતી ॥ માગીયા વંદ સંગત ॥ રિ

ન પુજે અક્ષત ધરી ॥ ચામર પંખા લેત ॥ ૨ ॥

ઢાળ.

ગીત ચોવીશ ગોરી નવી કરીએ ॥ એ દેશી ॥ રમતિ ગમતિ હમુને સાહેલી ॥ બિહુ મળી લિજીયે એક તાળી સખિ આજ અનોપમ દિવાળી ॥ લીલ વિલાસી પુરણ માસે ॥ પોશ દશમનિશી રઢીયાળી ॥ સ૦ ॥ ૧ ॥ પશુ પંખી વસિયાં વનવાશી ॥ તે પણ સુખિયાં સમકાળી ॥ સ૦ ॥ એણિ રાતે ઘર ઘર ઓછાસં ॥ સુખિયાં જગતમેં નર નારી ॥ સ૦ ॥ ૨ ॥ ઉતમ ગ્રહ વિશાખા જોગે ॥ જનમ્યા પ્રભુજી જયકારી ॥ સ૦ ॥ સાતે નરકે થયાં અજુઆળાં ॥ થાવરને પણ સુખકારી ॥ સ૦ ૩ ॥ માતં નમી આઠે દિગ કુમરી ॥ અધો લોકની વસનારી ॥ સ૦ ॥ સુતી ઘર ઈશાને કરતી ॥ જોજન એક અસુચી ટાળી ॥ સ૦ ૪ ॥ ઉરધ લોકની આઠ કુમારી ॥ વરસાવે જળ કુસુમાળી ॥ સ૦ ॥ પુર્વે રુચક આઠ દર્પણ ધરતી ॥ દક્ષણની અડકસ ઢાળી ॥ સ૦ ૫ ॥ અડ પછિમની પંખા ધરતી ॥ ઉત્તર આઠ ચમર ઢાળી ॥ સ૦ ॥ વિદિશીની ચઉ દીપ ધરંતી ॥ રુચક દ્વીપની ચઉ બાળી ॥ સ૦ ૬ ॥ કેળ તણાં ઘર ત્રણ કરીને ॥ મર્દન સ્નાન અલંકારી ॥ સ૦ ॥ રક્ષા પોટલી બાંધી બિહુને ॥ મંદિર મેહેલ્યાં શિણગારી ॥ સ૦ ૭ ॥ પ્રભુ

સુખ કમળે અંબરી ભમરી ॥ રાસ રમંતી લટકાળી ॥ સ૦ ॥ પ્રભુ૦ માતા તું જગતની માતા ॥ જગ દીપકની ધરનારી ॥ સ૦ ૮ ॥ માજી તુજ નંદન ઘણું જીવો ॥ ઉત્તમ જીવનો ઉપગારી ॥ સ૦ ॥ છપ્પનદિગ કુમરી ગુણ ગાતી ॥ શ્રી શુભવીર વચન શાળી ॥ સ૦ ૯ ॥ ભોગી૦ ચો૦ ॥ ઇતિ અક્ષત પુજા તૃતિય ॥ ૩ ॥

પુજા ૪ થી

॥ દુહા ॥ ચલીતાસન સોહમપતી ॥ રચી વર્ધમાન વિશાલ ॥ પ્રભુ જન્મોચ્છવ કારણે ॥ આવંતા તતકાળ॥૧

ઢાળ.

॥ કાજ શીધાં શકલ હવે સાર ॥ એ દેશી ॥

હવે સઘાષુ ઘોષ વજાવે ॥ દેવ દેવી સર્વે મિલાવે ॥ હરે પાલક સુર અભિધાન ॥ લિખે પાલક નામે વિમાન ॥ ૧ ॥ પ્રભુ પાસનું મુખડું જોવા ॥ ભવ ભવનાં પાતીક ખોવા ॥ ચાલે સુર નીજ નીજ ટોળે ॥ સુખ મંગળીક માળા બોલે ॥ પ્રભુ૦ ૨ ॥ સિંહાસન બેઠા ચલીયા ॥ હરી બહુ દેવે પરવરીયા ॥ નારી મીત્રના પેરયા આવે ॥ કેઇક પોતાને ભાવે ॥ પ્રભુ૦ ૩ હુકમે કેઇ ભક્તિ ભરેલા ॥ વળી કેઇક કૌતુક જોવા ॥ હરી કાસર કેસરી નાગ ॥

કપ્રી ગરૂડ ચડ્યા કેઇ છાગ ॥ પ્રભુ૦ ૪ ॥ વાહન બેસા
નની વાસ ॥ સઘળું થયું આકાશ ॥ કેઇ બોલે કરતા
તાડા ॥ સાંકડા બાઇ પર્વના દાડા ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ ઇહાં
આવ્યા સર્વ આણંદે ॥ જિન જનનીને હરી વંદે ॥ પાંચ
રૂપે હરિ પ્રભુ હાથ ॥ એક છત્ર ધરે શિર નાથ ॥ પ્ર-
ભુ૦ ૬ ॥ બે બાજુ ચમર ઢાળે ॥ એક આગળ વજ્ર
ઉલાળે ॥ જઇ મેરૂ ધરિ ઉછંગે ॥ ઇંદ્ર ચોસઠ મળીયા
રૂંગે ॥ પ્રભુ૦ ॥૭॥ ખીરોદક ગંગા વાણિ ॥ માગધ વર
દામના પાણિ ॥ જાતિ આઠના કળસ ભરીને ॥ અઢિસેં
અભિષેક કરીને ॥ પ્રભુ૦ ॥૮॥ દીવો મંગળ આરતી કી
જે ॥ ચંદન કુસુમે કરી પુજે ॥ ગીત વાજીત્રના બહુ
ઠાઠ ॥ આલેખે મંગળ આઠ ॥ પ્રભુ૦ ॥૯॥ ઇત્યાદિક ઓ
છવ કરતા ॥ જઇ માતા પાસે ધરતા ॥ કુંડળ જુગ વસ્ત્ર
ઓસીકે ॥ દડો ગેડી રતન મેં મુકે ॥ પ્રભુ૦ ॥ ૧૦ ॥
ક્રોડ બત્રીસ રત્ન રૂપઇયા ॥ વરસાવિ ઇંદ્ર ઉચરીયા ॥ જી
ન માતાસ્યુ જે ધરે ખેદ ॥ તસ મસ્તક થાશે છેદ ॥ પ્ર
॥ ૧૧ ॥ અંગુઠે અમૃત વાહી ॥ નંદીશ્વર કરે અઠાઇ ॥
દેઇ રાજા પુત્ર વધાઇ ॥ ઘર ઘર તોરણ બિરચાઇ ॥ પ્ર॥
૧૨ ॥ દસ દિન ઓછવ મંડાવે ॥ બારમેદિન નાત જમા
વે ॥ નામ થાપે પાર્શ્વકુમાર ॥શુભ વિરવિજય જયકાર ॥
પ્રભુ ॥ ૧૩ ॥ ભોગિ૦ ॥ ઓ૦ ॥ ઇતી જળ પુજા પુર
ણ ચતુર્થી

પુજા ૫ મી.

॥ દુહો ॥ અમૃત પાને ઉછર્યા ॥ રમતા પાસ કુમાર ॥ અહિ લંછન નવ કરતનુ વરતે અતીશય ચાર ॥ ૧ ॥ યોવન વય પ્રભુ પામતા માત પિતાદિક જેહ ॥ પરણાવે નૃપ પુત્રિકા પ્રભાવતી ગુણ ગેહ ॥ ૨ ॥ ચંદન ઘસિ ઘન સારશ્યું ॥ નિજ ઘર ચૈત્ય વિશાલ ॥ પુજો પંચરણ મેળવી ॥ પુજે જગત દયાળ ॥ ૨ ॥

ઢાળ.

બાળ પણે જોગી હુવા માઇ ભીક્ષા દાનો ॥ એ દેશી ॥

સોના રૂપાકે સોગટે સઇયાં ખેલત બાજી ॥ ઇંદ્રાણી મુખ દેખતે હરી હોતહે રાજી ॥ ૧ ॥ એક દિન ગંગાકે બીચે સુર સાથ બીહોરા ॥ નારી ચકોરા અપછરા બોહોત કરત નીહોરા ॥ ૨ ॥ ગંગાંકે જળ ઝીલતેં છાંડી પ્રાહલીયાં ॥ ખાવન ખેલ ખેલાયકે સવી મંદીર વળીયા ॥ બેઠે મંદીર માળિયે ॥ સારી આલમ દેખે ॥ હાથ પુજાપ્રા લે ચલે ॥ ખાન પાન વિશેખે ॥ પુછયા પડુતર દેતહે ॥ સુનો મોહન મેરે ॥ તાપસકુ બંદન ચલે ॥ ઉઠી લોક સવે રે ॥ ૫ કમઠ જોગી તપ કરે પંચ અગનકી જાળા, હાથીલાલ કહામણી ગજે મોહનમાળા ॥ ૬ ॥ પાસ કુંવર દેખન ચલે તપશીપે આયા ॥ ઉહીનાણે દેખકે ॥ પિછે જોગી બોલાયા ॥ ૭ ॥ સુણ તપશી સુખ લેણકું ॥ જગે

ફોગટ માળે ॥ અજ્ઞાનસે અગ્નિ ગિચે જોગકુ પરજાળે ॥
૮ ॥ કમઠ કહે સુણુ રાજવી તુમે અસ્વ ખેલાઓ જોગી
કે ઘર હે બડે ॥ મત કો બતલાઓ ॥ ૯ ॥ તેરા ગુરૂ
કુન હે બડા ॥ જિને જોગ ધરાયા ॥ નહી ઓળખાયા
ધર્મકુ ॥ તનુ કષ્ટ બતાયા ॥ ૧૦ ॥ હમ ગુરૂ ધર્મ પીછા
નતે નહી કવડી પાસે ॥ ભુલ ગયે દુનિયા દશા રેહેતે વ-
નવાસો॥૧૧॥ વનવાશી પશુ પંખીયાં ॥ એસે તુમ જોગી॥જો
ગી નહી પણ ભોગીયા ॥ સંસારકે સંગી ॥૧૨॥ સંસાર
બુરા છોડકે ॥ સુન હો લઘુ રાજા ॥ જોગી જંગલ શે-
વતે ॥ લેઇ ધર્મ અવાજા ॥ ૧૩ ॥ દયા ધરમકો મુળ હે
॥ કયા કાન કુકાયા ॥ જીવ દયા નહુ જાનતે ॥ તપ હો
ગઢ માયા ॥ ૧૪ ॥ બાત દયાકી દાખિયે ॥ ભુલ ચુક હે
મારા ॥ બેર બેર કયા બોલણુ ॥ એસા ઢાગ ડમાળા ॥
૧૫ ॥ સાંઇ હુકમસે શેવકે ॥ બડા કાષ્ટ ચિરાયા ॥ ના-
ગ નિકાલા એકલા॥ પરજલતી કાયા ॥૧૬॥શેવક મુખ ન-
વકારસે ॥ ધરણેંદ્ર બનાયા ॥ નાગ કુમારે દેવતા ॥ બહુ
રિદ્ધિ પાયા ॥૧૭॥ રાણી સાથ વસંતમે ॥ વન ભીતર
પેઠે ॥ પ્રાસાદ સુંદર દેખને ॥ ઉંહાં જાકર બેઠે ॥ ૧૮
રાજીમતીકુ છોડકે નેમ સંયમ લીના ॥ ચિત્રામણુ જીન
જોવતે ॥ વૈરાગે મિના ॥ ૧૯ લોકાંતિક સુર તે સમે॥
બોલે કરજોરી ॥ અવસર સંજમ લેનકા ॥ અબ બેર હુ
ચોરી ॥ ૨૦ નિજ ઘેર આયે નાથજી ॥ પિયા બિણુ બિ
ણુ રોવે ॥ માત પિતા સમજાય કે ॥ દાન વરશી દેવે ॥
૧૨ ॥ દિન દુઃખ સુખીયા કિયા ॥ દાળિદ્રકુ ચુરે ॥ શ્રી

સુખ વિર હરિ તિહાં ॥ ધન સઘળા પુરે ॥ ૨૨ ॥ ભો-
ગી૦ ભો૦॥ ચંદન પુજા ॥ ભક્તિ જન્મ કલ્યાણ કે ॥
પંચમી ચંદન પુજા ॥ ૫ ॥

—૦—

પુજા ૬ ઠ્ઠી.

॥ દુહા ॥ વરશી દાનને અવસરે ॥ દાનશીએ ભગ્ન
તેહ ॥ રોગ હરે ખટમાસનો ॥ પામે સુંદર દેહ ॥ ૧ ॥
ધુપ ઘટા ધરી હાથમાં ॥ દીક્ષા અવસર જાણ ॥ દેવ
અસંખ્યમિલ્યા તિહાં ॥ માનું સંજમ ઠાણ ॥ ૨ ॥

ઢાળ.

દેખો ગતિ દેવનીરે ॥ એ દેશી ॥ તીસ વરસ ઘરમાં
વસ્યારે ॥ સુખ ભર વામા નંદ॥ સંજમ રશીયા જાણીને
રે ॥ મળિયા ચોસઠ ઇંદ્ર ॥ નમો નિત નાથજીરે ॥ ૧॥
નિરખત નયના નંદ ॥ નમો ॥ એ આંકણી ॥ તિરથે.દક
વર ઔષધિરે ॥ મેળવતા બહુ ઠાઠ ॥ આઠ જાતિ કળ-
સા ભરીરે ॥ એક સહસને આઠ ॥ નમો ॥ ૨ ॥ અસ્વ
સેન રાજા પુરેરે ॥ પાછળી સુર અભિષેક ॥ સુરતરૂ પેરે
અલંકૃ રહયારે ॥ દેવ ન ભુલે વિવેક ॥ નમો ॥ ૩ ॥
વિસાલા નૃપ શિબિકારે ॥ બેઠા સિંહાસવ નાથ ॥ બેઠિ વ

ડરી દક્ષણેરે ॥ પટસાટક મેઈ હાથ ॥ નમો ૪ ॥ વામ
દિસે ચાંખ ધાતરીરે ॥ પાછળ ધરી શણગાર ॥ છત્ર ધ
એક જોવનારે ॥ ઇશાન ફળ કરનાર ॥ નમો ॥ ૫ ॥ અ
ગ્નિ ખુણે એક જોવનારે ॥ રયણુ મે પંખો હાથ ॥ ચક્ષ
ત શીખીકા ગ.વતીરે ॥ સર્વ સાહેલી સાથ ॥ નમો ॥ ૬
સક્ર ઇશાન ચામર ધરેરે ॥ વાજીત્રનો નહી પાર ॥ આઠ
મંગળ આગળ ચલેરે ॥ ઇંદ્ર ધજા ઝગકાર ॥ નમો ॥
॥ ૭ ॥ દેવ દેવી નર નારીયોરે ॥ જુએ કરે પરણુામ ॥
મુગગાં પડેરા સજ્જનારે ॥ બોલે પ્રભુને નામ ॥ નમો
। ૮ જીન નિશાન ચઢાવજોરે ॥ મોહનિ કરે ચકચુર ॥
જીમ સંવસ્તર દાનથીરે ॥ દળદર કાઢ્યું દુર ॥ નમો ॥
૯ ॥ વરઘોડેથી ઉતરયારે ॥ કાશી નયરને બાહાર ॥ આ
શ્રપુદ ઉદ્યાનમાંરે ॥ વૃક્ષ અશોક રસાળ ॥ નમો ॥ ૧૦ ॥
અઠમ તપ ભુખણુ તજીરે ॥ ઉચ્ચરે મહાવ્રત ચાર ॥
પોસ બહુલ એકાદશીરે ॥ ત્રણ્ય સયાં પરિવાર ॥ નમો
॥ ૧૧ ॥ મન પર્યવ તવ ઉપન્યુરે ॥ ખંધ ધરે જગદીસ
॥ દેવ દુસ ઇંદ્રે દિયુરે ॥ રહેસે વરેસ ચતતિસ ॥ નમો
॥ ૧૨ ॥ કાઉશગ મુદ્રાયે રહ્યારે ॥ સુર નંદીસર જાત
॥ માત પીતા વંદી વળ્યારે ॥ શ્રીસુભ વીર પ્રભાત ॥
નમો ॥ ૧૩ ॥ ભોગી૦ ॥ ઓં૦ ॥ ઇતિ દીક્ષા કલ્યાણકે
ધુપ પુજા ॥ ૬ ॥

પુજા ૭ મી

॥ દુહા ॥ સારથ [illegible] ઘરે પારણું ॥ પ્રથમ પ્રભુએ કીધ પંચ દિવ્ય પ્રગટાવિને ॥ તાસ મુગતિ સુખ દીધ ॥ ૧ ॥ જગ દીપક પ્રગટાવવા ॥ તપ તપતા રવિ રાણુ ॥ તિણે દીપકની પુજના ॥ કરતાં કેવળ નાણુ ॥ ૨ ॥

ઢાળ.

મહાવીર પ્રભુ ઘેર આવે ॥ એ દેશી ॥ પ્રભુ પારસ નાથ સધાવ્યા ॥ કાદંબરી અટવી આવ્યા ॥ કુંડ નામે સરોવર તીરે ॥ ભરયું પંકજ નીરમળ નારેરે ॥ મન ॥ ૧ ॥ ધન્ય લોક નગર ધન્ય વખારે ॥ મન ॥ આંકણી ॥ કાઉસગ મુંદ્રા પ્રભુ ઠાવે ॥ વન હાથી તિહાં એક આવે ॥ જળ સુંઢ ભરિ નવરાવે ॥ જીન અંગે કમળ ચઢાવેરે ॥ ॥ મન ॥ ૨ ॥ કળી કુંડ તીરથ તિહાં થાવે ॥ હસ્તી દેવની ગતી પાવે ॥ વળી કોસુભ વન આણંદે ॥ ધરણેંદ્ર વિનય ધરી વંદેરે ॥ મન ॥ ૩ ॥ ત્રણ દિન ફણી છત્ર ધરાવે ॥ અહીછત્રા નગરી વસાવે ॥ ચલના તાપસ ઘર પુંઠે ॥ નીશી આવી વસ્યા વડ હેઠેરે ॥ મન ॥ ૪ ॥ થયો કમઠ મરી મેઘમાળી ॥ આવ્યો વિભંગ નિહાળી ॥ ઉપસર્ગ કર્યા બહુ જાતી ॥ નિશ્ચળ દીઠી જીન છાતીરે ॥ મન ॥ ૫ ॥ ગગને જળ ભરી બાદળીઓ ॥ વરસે ગાજે વીજળીઓ ॥ પ્રભુ નાશા ઉપર જળ જાવે ॥ ધરણેંદ્ર પ્રિયાસહ આવેરે ॥ મન ॥ ૬ ઉપસર્ગ હરી પ્રભુ પુજી ॥ મેઘમાળી પાપથી ધ્રુજી ॥ જીન

ભક્તિ સમકિત પાવે ॥ એહુ જગ્ગ શ્વરગે સુખાવેરે ॥ મન ॥ ૭ ॥ આવ્યા કાશી ઉદ્યાને ॥ રહ્યા સ્વામી કાઉસગ ધ્યાને ॥ અપુરવ વીરજ ઉલાસે ॥ ઘન ઘાતી ચ્યાર વિનાશેરે ॥ મન ॥ ૮ ॥ ચોરાશી ગયા દીન આખા ॥ વદી ચઈત્ર ચોથ વીશાખા ॥ અઠમ તરૂ ઘાતકી વાસી ॥ થયા લોક પરકાશીરે ॥ મન ॥ ૯ ॥ મળે ચોસઠ ઇંદ્ર લેવાર ॥ રચે સમોવસરણ મનોહાર ॥ સિંહાસન સ્વામી સુહાવે ॥ શીર ચામર છત્ર ધરાવેરે ॥ મન ॥ ૧૦ ॥ ચોત્રીસ અતિશય શોભે ॥ વનપાળ વધામણી લાવે ॥ અશ્વસેન વામા રાણિ પરભાતની હરખે ભરાણીરે ॥ મન ॥ ૧૧ ॥ સામૈયુ સજી સહુ વંદે ॥ જિન વાણી સુણી આણંદે ॥ સસંગ સાસુ વહુ સાથે ॥ દિક્ષા લીધી પ્રભુ હાથેરે ॥ મન ॥ ૧૨ ॥ સંઘ સાથે ગણી પદ ધરતા ॥ સુર શાંન મહોછવ કરતા ॥ સ્વામી દેવ છંદે સુહાવે ॥ સુભ વીર વચન રસ ગાવેરે ॥ મન ॥ ૧૩ ॥ ભોગી૦॥ ઓ૦ પ્રતિ કેવળગ્યાન કલ્યાણકે દીપક પુજા સપ્તમી॥ ૭॥

પુજા ૮ મી.

॥ દુહા ॥ સુભ આદે દસ ગણધરા ॥ સાધુ સોળ હજાર ॥ અડતીસ સહસ તે સાધવી ॥ ચ્યાર મહાવ્રતધાર ॥ ૧ ॥ એક લખ ચઉસઠ સહસછે ॥ શ્રાવકનો પરીવાર ॥ સગ વીસ સહસ તે શ્રાવિકા ॥ તિગલખ ઉપર બાર

॥ ૨ ॥ દેશ વિરતીધર એ સહુ ॥ પૂજે જિન ત્રણ કાલ ॥પ્રભુ પડિમા આગળ ધરે ॥ નિત્ય નૈવેદનો થાળ ॥ ૩ ॥

ઢાળ.

॥એક સમે સામળીયાજી વૃંદાવનમાં ॥ એ દેશી ॥ રંગ રશીયા રંગરસ બન્યો ॥ મન મોહનજી ॥ કોઇ આગળ નવિ કહેવાય ॥ મનડું મોહ્યુંરે મન મોહનજી ॥ વેધકતા વેધક લહે ॥ મન ॥ બીજા બેઠા વા ખાય ॥મનડું ॥ ૧ ॥ લોકોતર ફળ નીપજે ॥ મન ॥ મોટો પ્રભુનો ઉપગાર ॥ મનડું ॥ કેવળ નાણ દિવા કરૂ ॥ મન ॥ વિચરંતા સુર પરિવાર ॥ મનડું ॥ ૨ ॥ કનક કમળ પગલાં ઠવે ॥ મન ॥ જળ બુંદ કુસુમ વરસાત ॥ મનડું ॥શિર છત્ર વળિ ચામર ઢળે ॥ મન ॥ તરૂનમતા મારગ જાત ॥મનડું ॥ ૩ ॥ ઉપદેશી કેઇ તારીયા મન ॥ ગુણ પાંત્રીસ વાણી રસાળ ॥ મનડું ॥ નર નારી સુર અપછરા ॥મનડું ॥ પ્રભુ આગળ નાટકસાળ ॥ મનડું ॥ ૪ ॥ અવની તળ પાવન કરી ॥ મન ॥ અંતિમ ચોમાસું જાણ ॥ મનડું ॥ સમેતશીખર ગિરી આવિયા ॥ મન ॥ ચઢતા શિવ ઘર-સોપાન ॥ મનડું ॥ ૫ ॥ શ્રાવણ સુદિ આઠમ દિને ॥ મન ॥ વિશાખાએ જગદીશ ॥ મનડું ॥ અણસણ કરી એક માસનું ॥ મન ॥ સાથે મુનિવર તેત્રીસ ॥ મનડું ॥ ૬ ॥ કાઉસગમાં મુગતિ વરયા ॥ મન ॥ સુખ પામ્યા સાદિ અનંત ॥મનડું ॥ એક સમય સમશ્રેણથી ॥ મન ॥ નિકમો ચઉ દ્રષ્ટાંત ॥ મનડું ॥ ૭ ॥ સુરપતિ સઘળા તેહાં મળે ॥મન ॥ ખીરોદધી આણે નીર ॥ મનડું ॥

સ્નાનવિલેપણ ભુખણે ॥ મન ॥ દેવ કુસે સ્વામી શરીર ॥મનડું ॥ ૮ ॥ શોભાવી ધરી શિબીકા ॥ મન ॥ વાછીત્રને નાટક ગીત॥ મનડું ॥ ચદંન ચયપરજળતા ॥ મન ॥ સુરભકતી શોક સહિત ॥ મનડું ॥ ૯ ॥ થુંભ કરે તે ઉપરે ॥ મન ॥ દાઢાદિક સગેં શેવ ॥ મનડું ॥ ભાવ ઉદ્યોત ગયે ;થકે ॥ મન ॥ દીવાળી કરતા દેવ ॥ મનડું ॥ ૧૦ ॥ નંદિસર ઓછવ કરે ॥ મન ॥ કલ્યાણક મોક્ષાનંદ ॥ મનડું ॥ વર્ષ અઢિસે આંતરૂ ॥ મન॥ સુભ વીર ને પાસ જીણંદ ॥ મનડું ॥ ૧૧ ॥

અથ ગીત

ઘેર આવો ઢોલા ॥ એ દેશી ॥ ઓછવ રંગ વધામણા પ્રભુ પાસને નામે ॥ કલ્યાણક ઓછવ કીયો ॥ ચડતે પરીણામે ॥ ઓછવ ॥ ૧ ॥ સતવરસાયુ જીવીને ॥ ॥અક્ષય સુખ સ્વામિ ॥ તુમ પદ શેવા ભકિતમાં ॥ નવિ રાખું ખામી ॥ ઓછવ ॥ ૨ ॥ સાચો ભગતે સાહીબા ॥ રીઝો એક વેળા ॥ શ્રી સુભ વીર કુપેસદા મન વંછીત મેળા ॥ ॥ ૩ ॥

કળસ.

ગાયો ગાયોરે સંખેશ્વર સાહીબ ગાયો ॥ જાદવ લોકની જરા નીવારી ॥ જીનજી જગત ગવાયો ॥ પંચકલ્યાણક ઓછવ કરતાં ॥ ઘમ ઘર રંગ વધાયોરે ॥ સં ॥ ૧ ॥ તપા ગછ શ્રી શીંહસુરીના ॥ સત્ય વીજય બુધ રાયો ॥ કપુર જવિય ગુરૂ ખીમાવિજય તસ॥ જસ વિ·

જયો મુનિરયોરે ॥ સં ॥ ૨ ॥ તાસ શીસ સંવેગી ગી-
તારથ ॥ શાંત સુધારસ નાહ્યો ॥ શ્રી સુભ વિજય સુ ગુ
રૂ સુપસાયે ॥ જય કમળા જગ પાયોરે ॥ સં ॥ ૩ ॥
રાજનગરમાં રહી ચોમાસુ ॥ કુમતિ કુતિર્ક હઠાયે ॥
વીજય દેવંદ્ર સુરીશ્વર રાજે ॥ એ અધીકાર બનાયોરે ॥
સં ॥ ૪ અઢારસે નવ્યાસી અખય ત્રીજ ॥ અક્ષત પુન્ય
ઉપાયો ॥ પંડીત વીરવીજય પદ્માવતી ॥ વંછીત દાય
સહાયોરે ॥ સં ॥ ૫ ભોગી૦ ॥ ઓ૦ નૈવેદ્યં યજા-
મહે સ્વાહાઃ ॥ ઇતિ શ્રી પંચકલ્યાણક મહોછવે અષ્ટ-
પ્રકારી પૂજા સંપુર્ણ.

સમાપ્ત

આમાં કાંઇ ભુલ ચુક હોય તો તે મીછામી દોકડં નેવે
વાંચનારાઓએ માફ કરી અમારી ભુલને સુધારીને વાંચવું

જાહેર ખબર.

અમારે ત્યાં આ શિવાય જૈનધર્મનાં તથા શૃંગાર તથા હાસ્યરસના કીસ્સા તથા વારતાઓ તથા ગાયનો વિગેરે દરેક જાતનાં પુસ્તકો રોકડી કીમતે કીફાયતથી મળશે, જેમને જોઇએ તેમણે મંગાવવાં, નાદપેડ કાગળ લેવામાં આવશે નહી.

બુકસેલર મગનલાલ દેવચંદ ઠા. માણેકચોકમાં